

## ધોરણ-૧૦ની પરીક્ષાનું પ્રથમ પેપર શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ

વિદ્યાર્થીઓ જીવનની કારકિર્દી માટે મહત્વનું અને પ્રથમ સોપાન માનવામાં આવતી ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા શરૂ થઈ ચુકી છે. પરીક્ષાના પ્રથમ દિવસે ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓએ ગુજરાતીની પરીક્ષા આપી હતી. સવારની જ મંદિરના દર્શન કરી મનમાં સફળતાની ખેવના લઈ પરીક્ષા આપવા પહોંચેલા વિદ્યાર્થીઓમાં ગજબનો આત્મ વિશ્વાસ જોવા મળ્યો હતો. આ ઉપરાંત પરીક્ષા દરમ્યાન કોઈ અરાજકતા ન સર્જાય તે માટે વહિવટી તંત્ર દ્વારા પણ ચાંપતો બંદોબસ્ત કરવામાં આવ્યો છે. પરીક્ષા સ્થળની આસપાસના વિસ્તારને પરીક્ષા દરમ્યાન પ્રતિબંધીત જાહેર કરવા ઉપરાંત દરેક પરીક્ષા ખંડમાં કલોઝ સરકીટ કેમેરા પણ વિદ્યાર્થીઓ પર બાજ નજર રાખી રહ્યા છે.

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

## સેવાલિયામાં પ્રેમીકાએ અગ્નિસ્નાન કર્યુ બચાવા જતા પ્રેમી પણ દાઝ્યો

સેવાલિયા, તા. ૧૩

ગળતેશ્વર તાલુકાના સેવાલિયા સ્થિત ખોડીયાર નગર સોસાયટી પાસે રહેતી એક મહિલાએ પોતાની જાતે કોઈ અગમ્ય કારણોસર કેરોસીન છાંટી આત્મહત્યાનો પ્રયાસ કરતા સનસનાટી મચી ગઈ હતી. ઘટનામાં પ્રેમીકાને બચાવવા જતા પ્રેમી ગંભીર રીતે દાઝી ગયો હતો. બનાવ સંદર્ભે ઠાસરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગળતેશ્વર તાલુકાના સેવાલિયા બજારમાં રહેતા વિજયભાઈ મોહનભાઈ દલવાડી (ઉં.વ.૩૫)ને ગામની પાનીબેન મોહનભાઈ મારવાડી (ઉં.વ.૩૫) સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. વિજયભાઈ તથા પાનીબેન પરણિત હોવાથી અવારનવાર તેઓના કુટુંબમાં તકરાર થતા હતા. દરમિયાન બુધવારે બપોરે પાનીબેને પોતાની જાતે કોઈ અગમ્ય કારણોસર કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરતા ગંભીર રીતે દાઝી ગઈ હતી. ત્યારે જ પાનીબેનના પ્રેમી વિજયભાઈએ તેણીની આગ બુજાવા જતા તે પણ શરીરે ગંભીર રીતે દાઝી ગયો હતો. આમ ગંભીર રીતે દાઝી ગયેલા પ્રેમીઓને તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# ધાનેરાના અધિકારીઓના નાક નીચે ચાલતું લીલા વૃક્ષોનું નિકંદન

## ધાનેરાના ઉચ્ચ અધિકારીએ ના છુટકે પકડયું લીલા લાકડા ભરેલું ટ્રેક્ટર

ધાનેરા, તા.૧૩

ધાનેરા શહેર તેમજ ધાનેરા તાલુકામાં છેલ્લા ઘણા સમયથી ધોળા દિવસે ખુલ્લે આમ વૃક્ષોનું નિકંદન નીકાળી વૃક્ષોને ટ્રેકટરમાં ભરી ધાનેરાની સો મીલમાં ઠલવાય છે તે કૌભાંડ બહાર આવવા પામ્યું છે! આ કૌભાંડમાં ધાનેરાના ઉચ્ચ અધિકારીઓ પણ સામેલ હોય તેવી શકયતાઓ સેવાઈ રહી છે.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરા-નેનાવા ત્રણ રસ્તા હાઈવે ઉપર મંળવારની સાંજે વૃક્ષોનું નિકંદન કાઢી લીલા વૃક્ષો ભરેલ ટ્રેકટર આવી રહ્યું હતું તે દરમ્યાન ત્યાં ધાનેરાના નાયબ કલેકટર પોતાની ગાડી સાથે આવી ટ્રેકટરના ડ્રાયવર સાથે સતત અડધો કલાક સુધી ચર્ચા કરી અને તે બાદ ટ્રેકટરને ત્યાં જ મુકી નાયબ કલેકટર તેમની ગાડી લઈ પલાયન થઈ ગયા હતા અને ત્યાં ધાનેરાના પત્રકારો આવી જતા આખો મામલો બહાર આવ્યો હતો. તે બાદ ટ્રેકટર ચાલક ત્યાંથી ટ્રેકટર લઈ ધાનેરા હાવે ઉપર આવેલ સો મીલમાં ઠલવવા માટે પહોંચ્યો હતો. પરંતુ ધાનેરાના પત્રકારો દ્વારા નાયબ કલેકટરને ફોન કરી સમગ્ર ઘટનાની જાણ કરતાં ધાનેરા નાયબ કલેકટરે આળસ મરડીને તાત્કાલિક તેમના અધિકારીઓને મોકલી ટ્રેકટરને મામલતદાર કચેરી લાવી તપાસ હાથ ધરી હતી.

નીચે તેમાં ધાનેરા તાલુકાના ઉચ્ચ અધિકારી પણ લીલા લાકડા કાપવાના કૌભાંડમાં સામેલ હોય તેવી લોકોમાં ચર્ચાઓ ઉઠવા પામી છે. ધાનેરાના જાહેર માર્ગો ઉપરથી દિવસે ૪૦થી ૫૦ લીલા લાકડા ભરેલા ટ્રેકટરો નીકળે છે પણ તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં



પરંતુ સવાલ હવે એ ઉભો થાય છે કે ધાનેરા તાલુકામાં ખુલ્લે આમ વૃક્ષોનું નિકંદન કાઢી તેને સો મીલમાં ઠલવવાનું કૌભાંડ ચાલી રહ્યું છે. તંત્રના આંખ આવતી નથી. તે ઉપરથી દેખાઈ આવે છે કે તંત્ર પણ આમાં સામેલ છે અને જો સામેલ ન હોય તો આવા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરે.

# જિલ્લા કલેકટરે ધાનેરામાં ચુંટણીલક્ષી મીટીંગ યોજી મેવાડા અને ભીલ વાસ ખાતે બે પોલીસ સ્ટેશન બનશે

ધાનેરા, તા.૧૩

આગામી ૩૦મી એપ્રિલે યોજાનારી ચુંટણીને અનુલક્ષી જિલ્લા કલેકટરશ્રી મહેન્દ્ર પટેલે ધાનેરામાં ચુંટણી લક્ષી મીટીંગ બોલાવી હતી. જેમાં નાયબ કલેકટર, મામલતદાર અને પોલીસ ઓફિસર તેમજ ચૂટંણી ખર્ચ ઉપર નિયંત્રણ રાખનાર અધિકારી તેમજ અન્ય અધિકારીઓને બોલાવી વિવિધ સુચનો આપવામાં આવ્યા હતાં.

જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે આ વખતે ચુંટણી અધિક્ષકે મહિલા પોલીસ સ્ટેશન બનાવવાની સુચના આપી છે. જેમાં રૂરલ એરીયામાં એક પોલીસ સ્ટેશન અને નગરપાલિકા એરીયામાં એક આમ બે પોલીસ સ્ટેશન બનાવવાની સુચના આપી છે. જેમાં એક પોલીસ સ્ટેશન મેવાડા ગામે અને બીજુ પોલીસ સ્ટેશન ભીલવાસ ખાતે બનવાવવાનું નક્કી કર્યુ છે અને તેમાં વિવિધ સેવા પણ આપવામાં આવશે જેમ કે લોકોને મતદાન કરવા માટે આમંત્ર પત્રિકા દ્વારા આમંત્રણ આપવામાં આવશે અને મતદારો માટે છાંયડાની તેમજ ઠંડા પાણીની સુવિધા અને ઉમેદવારની પુરી જાણકારી આપવામાં આવશે.


# દાંતીવાડા બ્રહ્મસમાજે મોદીજીને સદ્‌બુદ્ધિ મળે તે માટે યજ્ઞ યોજયો!

## મોદી મુરલી મનોહર તેમજ હરિન પાઠકની ટિકિટ ન કાપે માટે કરી ભગવાન પરશુરામને પ્રાર્થના

દાંતીવાડા, તા.૧૩

દાંતીવાડા કોલોની ખાતે ગત રોજ ચાર વાગ્યાના સમય દરમિયાન બ્રહ્મસમાજના યુવાનો દ્વારા ભગવાન પરશુરામનો યજ્ઞ કરવામાં આવ્યો હતો અને નરેન્દ્ર મોદીને ભગવાન સદબુદ્ધિ આપે જેથી કરી તેઓ મુરલી મનોહર જોષી અને હરીન પાઠકની ટીકીટ ન કાપે જે પ્રકારે ભગવાનને પ્રાર્થના કરાઈ હતી.

દાંતીવાડા કોલોની ખાતે હનુમાન મંદિરમાં બ્રહ્મસમાજના યુવાનો એકત્રિત થયા હતા અને તેમના દ્વારા ભગવાન પરશુરામનો યજ્ઞ કરવામાં આવી રહ્યો હતો જયાં બેનરોમાં 'અરે મોદીજી તમને બ્રાહ્મણ પ્રત્યે આટલી નફરત કેમ છે?' પહેલા તમે સુરેશ મહેતા, સંજય જોષી, નલીન ભટ્ટ, હરેન પંડયા, સુનિલ ઓઝા, યતીન ઓઝા, પ્રદીપ શર્મા, કુલદીપ શર્મા, રાહુલ શર્મા, સંજીવ ભટ્ટ, રજનીશ રાય જે પ્રકારના નામોના લખાણ લખેલ હતા અને સાથે તેઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પરશુરામ ભગવાન મોદીજીને સદબુદ્ધિ આપે અને તેથી તેઓ મુરલી મનોહર જોષી અને હરીન પાઠકને ટિકિટ આપે જેના માટે અમે પ્રાર્થના કરી છે અને જો ટીકીટ આપવામાં નહીં આવે તો અમે બ્રાહ્મણો મોદીજીને હરાવીશું, જે વાતમાં ભગવાન પરશુરામની દુવાઓ અમને શકિત આપશે અને તમારી હાર નિશ્ચિત થશે તેમ પ્રવીણભાઈ જોષીએ જણાવ્યું હતું. આ યજ્ઞમાં દાંતીવાડા બ્રહ્મસમાજના પ્રમુખ કનુભાઈ જોષી, મહામંત્રી કેતનભાઈ, બ્રહ્મસેના દાંતીવાડા યુવા પ્રમુખ અમિત જોષી, સમસ્ત બ્રહ્મસમાજ બનાસકાંઠા યુવા પ્રમુખ અશોકભાઈ ભોજાણી, દાંતીવાડા બ્રહ્મસમાજના આગેવાન પ્રવીણભાઈ જોષી, રજનીકાન્ત જોષી, સમીર ઠાકર, નયન જોષી, વિપુલ જોષી તેમજ સમસ્ત બ્રહ્મસમાજ દાંતીવાડા તાલુકાના બ્રાહ્મણો ઉપસ્થિત રહ્યા હતાં.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



## પ્રાંતિજમાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

પ્રાંતિજ તાલુકાના પાંચ જેટલા ધોરણ-૧૦ અને ૧૨ પરીક્ષા કેન્દ્રો પર આજથી નિયત સમય મુજબ બોર્ડની પરીક્ષાનો પ્રાંરભ થયો હતો. પરીક્ષાના પ્રથમ દિવસે જ બાળકોએ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષાઓ આપી હતી. પ્રાંતિજની પી એન્ડ આર હાઈસ્કૂલ, અવર ઓન હાઈસ્કુલ, સર્વોદય હાઈસ્કૂલ તેમજ ધડકણ અને મજરાની શાળાઓમાં પ્રથમ દિવસે પરીક્ષા કેન્દ્રો પર ગુજરાતી અને સહકાર પંચાયતના વિષય નું પેપર આપ્યું હતું. એકંદરે પેપર સરળ નિકળતા બાળકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ઉપરાંત પરીક્ષા કેન્દ્રો પર મોટી સખ્યામાં બાળકોને મુકવા વાલીઓ પણ ઉમટી પડયા હતા પરીક્ષા ના પ્રથમ પેપરમાં વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી.

## ભુલોજ ગામે ભવાઈએ આકર્ષણ જમાવ્યુ

મુલોજ, તા.૧૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકા મુલોજ ગામે સાબરકાંઠા જિલ્લાના વકતાપુર ગામના ભવાઈ કલાકારોએ અનેક ભવાઈ વેશ ભજવી પ્રેક્ષકોના મન જીતી લીધા હતા અને ભૂલાઈ ગયેલી ભવાઈને જીવંત કરી હતી આ પ્રસંગે મુલોજ ગામના યુવા અગ્રણી અને યુવક કોંગ્રેસના પ્રમુખ વનરાજસિંહ ખાંટ, દિલિપસિંહ ભાટી, વિરેન્દ્રસિંહ ખાંટ, રમેશભાઈ ખાંટ વિગેરેએ ભવાઈ કલાને અને કલાકારોને બિરાદાવ્યા હતાં.

# માણેકનાથ મંદિરના પુજારીની હત્યાના ગુનામાં ધોકા ગેંગના સુત્રધારોને ૪ દિવસના રીમાન્ડ

ખેડબ્રહ્મા, તા.૧૩

ખેડબ્રહ્મા તાલુકામાં મારામારી સરે આમ અને લૂંટ ચોરી તથા માણેકનાથ મંદિરના પૂજારીની હત્યા તથા અન્ય ૧૨ ગુનામાં પકડાયેલ ધોકા ગેંગના ચાર આરોપીઓને ખેડબ્રહ્માની કોર્ટમાં રીમાન્ડ માટે રજુ કરતાં કોર્ટે ચાર દિવસના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે.

ખેડબ્રહ્મા તાલુકામાં મંદિરો અને વાહન ચાલકો પર ત્રાટકી આતંક ફેલાવનાર ધોકા ગેંગના ચાર આરોપીઓ હિંમતનગરથી પકડાયા બાદ ગુરુવારે ખેડબ્રહ્મા લાવવામાં આવ્યા હતા. શ્યામનગર પાસે આવેલ માણેકનાથ મંદિરના પુજારી કલ્યાણભાઈ વીહાભાઈ રબારીની



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

હત્યાના ગુના માટે ખેડબ્રહ્મા પી.એસ.આઈ. જી.કે. ઈસરાનીએ ખેડબ્રહ્માની કોર્ટમાં ૧૪ દિવસના રીમાન્ડની માગણી સાથે રજુ કરવામાં આવ્યા હતા. કોર્ટમાં આ ચારેય આરોપીઓ લાડુ હોમીડા પરમાર, નરેશ ધુળા પરમાર, રાજુ દીના પારધી તથા સૈજુ ધના પારધીના કોર્ટે ચાર દિવસના રીમાન્ડ મંજુર કરેલ છે. રીમાન્ડ દરમિયાન ધોકા ગેંગમાં અન્ય કેટલા ગુનેગારો સામેલ છે તથા મંદિરમાં થયેલ ચોરીનો મુદ્દામાલ કબજે કરવા રીમાન્ડ દરમિયાન પુછતાછ કરવામાં આવશે. માણેકનાથ મંદિરના પુજારીની હત્યાના ગુનામાં જ આ ચાર દિવસના રીમાન્ડ મંજુર કરાયા છે. બીજા ગુનાઓમાં ચારે આરોપીઓને ધરપકડ બતાવી અન્ય મુદ્દામાલ કબજે કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ પી.એસ.આઈ. ઈસરાનીએ જણાવ્યું હતું.

# સાબરકાંઠા-લોકસભાની ચૂંટણી જાહેર છતાં પ્રજામાં કોઈ જ ઉત્સાહ નહી

## લોકો કહે છે સરકારી કચેરીઓમાં સાચા કામો કરાવવા માટે પણ પૈસા આપવા પડે છે : હિંમતનગરમાં 'હુડા' ભાજપને ડૂબાડશે

હિંમતનગર, તા. ૧૩

સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં લોકસભાની ચૂંટણીઓ જાહેર થતાંની સાથે જ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપ અને કોંગ્રેસ સહિત કેટલીક પાર્ટીઓએ તો ઉમેદવારોની પસંદગી ઉપર પણ મ્હોર મારી દીધી છે. જેમાં સાબરકાંઠા લોકસભા બેઠક માટે કોંગ્રેસે પુર્વ મુખ્યમંત્રી અને વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના નામની જાહેરાત પણ પ્રથમ યાદીમાં કરી છે. તેમની સામે ભાજપના ઉમેદવાર તરીકે સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણનું નામ પણ લગભગ તય છે. હિંમતનગર વિધાનસભાની પેટા ચૂંટણીમાં પણ ભાજપના ઉમેદવાર તરીકે રાજેન્દ્રસિંહ ચાવડા નક્કી છે. જ્યારે કોંગ્રેસ ઉમેદવારની પસંદગી માટે કવાયત કરી છે. આમ ચૂંટણી જાહેર થતાંની સાથે રાજકીય પક્ષોએ ઉમેદવારોની પસંદગી અને પ્રચાર-પ્રસારની કામગીરી જોર-શોરથી શરૂ કરી દીધી છે. પરંતુ જિલ્લાની પ્રજામાં કોઈજ ઉત્સાહ જોવા મળતો નથી. એક સર્વે મુતાબીક પ્રજાની ચૂંટણી પ્રત્યેની ઉદાસીનતા પાછળ વહીવટીતંત્ર જવાબદાર હોવાનુ જણાઈ રહ્યું છે.

દર વખતે જ્યારે લોકસભા-વિધાનસભા કે તાલુકા-જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ જાહેર થાય ત્યારે સાબરકાંઠા જિલ્લાની પ્રજાએ ભારે ઉત્સાહ બતાવ્યો છે. પરંતુ આ વખતે ચૂંટણીઓ જાહેર થવા છતાં પ્રજા નિરૂત્સાહ જણાઈ રહી છે. લોકો કહી રહ્યા છે કે ભાજપ હોય કે કોંગ્રેસ કોઈ પણ પક્ષને પ્રજાના કામોમાં રસ નથી જિલ્લાની સરકારી કચેરીઓમાં એટલી હદે ભ્રષ્ટાચાર ઘર કરી ગયો છે કે સાચા કામો કરાવવા માટે પણ પૈસા આપવા પડે છે. ફાઈલોનો સમયસર નિકાલ થતો નથી. અધિકારીઓ અને કર્મચારીઓ લોકોના કામો કરવાની જગ્યાએ કાર્યક્રમોમાં વ્યસ્ત રહે છે. જેના કારણે પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. જેની સીધી અસર લોકસભા-વિધાનસભાની ચૂંટણીમાં પડવાની સંભાવના દેખાઈ રહી છે. હિંમતનગર અને આજુબાજુના વિસ્તારનો હુડામાં સમાવેશ કર્યા ને એક વર્ષ ઉપરાંતનો સમય થવા છતાં નહિવત કામગીરી થઈ છે. હુડાના કારણે વિકાસ પણ રૂંધાઈ રહ્યો છે. તેની અસર ચૂંટણીમાં દેખાશે તેવું જણાય છે.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વિદ્યાર્થીઓએ પ્રથમ પેપર આપ્યું

રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુરુવારથી બોર્ડની પરિક્ષાનો તબક્કાવાર પ્રારંભ થતાં સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં ધો-૧૦ના ૩૯ હજાર અને ધો-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના ૩૨ હજાર જેટલા વિદ્યાર્થીઓએ પ્રથમ પેપર આપ્યું હતું. જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપર પ્રથમ દિવસે કંકુ તિલક અને ગુલાબના ફુલ અર્પણ કરી શાળા પરિવાર તરફથી શુભકામના પાઠવવામાં આવી હતી. ગેરરિતીઓને ડામવા વહીવટી તંત્ર દ્વારા આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વિદ્યાર્થીઓએ મુકત અને શાંત વાતાવરણમાં પ્રથમ પેપર આપ્યું હતું.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ્શ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧